અપીલ અરજી નં. ૫૧૮ તા.૨૯–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળ :– ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૭–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.૧૪માં આવેલ નીલકંઠ રેસીડેન્સીની પાસે **AUTOZONE** મસ્ટીકાર વર્કશોપના બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ બાંધકામની પરમીશન પત્રની નકલો આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૧૮/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૭–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.૧૪માં આવેલ નીલકંઠ રેસીડેન્સીની પાસે **AUTOZONE** મસ્ટીકાર વર્કશોપના બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ બાંધકામની પરમીશનપત્રની નકલો આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આઉટ વર્ડ/નં.૮૭૬ તા. ૨૮–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા તેમજ અરજદારને રજૂ કરવા જણાવેલ વિગતો ટીપી સ્કીમ નંબર કે ફાયનલ પ્લોટ નંબર તેઓ કયા સ્ત્રોતથી મેળવી રજૂ કરી શકે તે પણ જણાવવા વિનંતી છે. સાથે માહિતીની દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૮ તા.૯–૧–૧૨ થી ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) તથા અરજદારે બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વેસ્ટ ઝોન/ આરટીઆઈસેલ /૯૭૪ તા.૨૦–૧–૧૨ થી અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૮૫૨ તા.૨૧–૧૨–૧૧ થી મુદ્દા નં.૧ ,૨, તથા ૪,૫,૬ ની માહિતી માટે ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૮૭૬ તા.૨૮–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૨–૧૨ થી પુરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૭–૧૨–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી રાંદેર ઝોનમાં કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૮૫૨ તા.૨૧–૧૨–૧૧ થી મુદ્દા નં.૧,૨, તથા ૪,૫,૬ ની માહિતી માટે ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને અઘટિત વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૮૭૬ તા.૨૮–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારને અરજીમાં મુદ્દા નં.(૧) ટી.પી.૧૪માં આવેલ નીલકંઠ રેસીડેન્સીની પાસે **AUTOZONE** મલ્ટીકાર વર્કશોપના બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ બાંધકામની પરમીશનપત્રની નકલો આપશો. (શરતો સહિત) મુદ્દા નં.(૨) આ પરમીશન માટે મિલ્કતધારક તરફથી આપની કચેરીમાં જે જે ડોકયુમેન્ટ રજુ કરવામાં આવ્યા હોય તે તમામ ફોકયુમેન્ટની નકલો આપશો. મુદ્દા નં.(૩) આ મિલ્કતમાં આપવામાં આવેલ ડ્રેનેજ–પાણીના જોડાણ માટેના પરમીશન પત્રની નકલ આપશો. મુદ્દા નં.(૪) આ મિલ્કતનો સી.સ.નંબર તથા ફા.પ્લોટ નંબરની વિગતો આપશો. મુદ્દા નં.(૫) આ મિલ્કત આપના વિભાગના કયા જુની. ઈજનેરના કાર્યક્ષેત્રમાં આવે છે તેની વિગત આપશો. તથા આ જુની.ઈજનેર બાંધકામની પરમીશન આપ્યા બાદ કેટલી વાર સ્થળ નિરીક્ષણ કર્યુ તેની નિરીક્ષણ દરમ્યાન તૈયાર કરેલ રીપોર્ટની નકલ સહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૬) આ મિલ્કત રેસીડેન્સીયલ ઝોનમાં આવે છે કે કોર્મશીયલ ઝોનમાં તેની વિગત આપશો. જો રેસીડેન્સીયલ ઝોનમાં આવતી હોય તો આપના વિભાગમાં આ મિલ્કત કયારે હેતુફેર કરવામાં આવી તથા હેતુફેર કરવા બદલ આપના વિભાગે કેટલી રકમ વસુલ કરી તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્નો બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટી.પી. સ્કીમ નં.૧૪ (પાલ) માં આવેલ નિલકંઠ રેસીડેન્સી પાસે ઓટોઝોન મલ્ટીકાર મિલ્કતનાં બ્લોક નંબર, ફા.પ્લોટ નંબરની વિગતો જણાવ્યેથી માહિતી ઉપલબ્ધ કરી શકાશે. તેવુ અરજદારને જણાવેલ.

અરજદારે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આઉટવર્ડ/ નં.૮૭૬ તા. ૨૮–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૪ માં માંગેલ માહિતી અરજદાર પાસેથી માંગીને સમય પસાર કરી રહયા છે. ટી.પી.–૧૪

માં આવેલ નિલકંઠ રેસીડન્સીની બાજુમાં મેઈન રોડ પર ઉભો કરવામાં આવેલ **AUTOZONE** મલ્ટીકાર વર્કશોપનું મસમોટું બાંધકામ ઝોનની પરવાનગી વિના તો શકય જ નથી તો પછી તેનો બ્લોક નંબર, પ્લોટ નંબર પણ તેમની પાસે જ હોય. તેવી રજુઆત કરેલ. અપીલ તબકકે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૮ તા.૯–૧–૧૨ થી બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જે અંગે તા.૭–૨–૧૨ ના પુરકપત્રમાં માંગેલ માહિતીમાં જણાવેલ મિલ્કત સ્થળે ટી.પી. સ્કીમ નંબર, રે.સ. નંબર , કે ફા.પ્લોટ નંબર દર્શાવતુ કોઈ ડીસ્પ્લે મુકવામાં આવેલ નથી. તેથી તેમણે માંગેલ માહિતીમાં પણ ટી.પી.સ્કીમ નંબર,રે.સ.નં.કે ફા.પ્લોટ નંબરની માહિતી માંગેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપરોકત મુજબની માહિતી અંગેનો પત્ર આવતા શહેર વિકાસ વિભાગના અધિકારીઓનો સંપર્ક કરી ઉપરોકત માહિતી માંગી હતી. પરંતુ શહેર વિકાસ વિભાગના અધિકારી ધ્વારા તે માહિતી બાબતનો ઈન્કાર કરેલ. તેવુ જણાવેલ.

અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી યોજના કે આકારણી દફતર અથવા ટી.પી. દફતર ના માધ્યમથી માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીને આપવા પ્રયત્ન થયેલ જણાતો નથી. તથા અરજદારની આવડુ મોટુ બાંધકામ મેઈન રોડ ઉપર ચાલતુ હોવાથી કચેરીને જાણકારી હોવાની ધારણા આધારિત રજુઆત આરટીઆઈ કાયદાની કલમ– ૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત નથી.

જાહેર માહિતી અધિકારી ના પુરક પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૯૭૪ તા.૨૦–૧–૧૨ થી સુરત મહાનગર પાલિકામાં રાંદેર ઝોન કચેરીએ રજુ થતા પ્લાનો ટી.પી.સ્કીમ નંબર/ફા.પ્લોટ નં./ સબ પ્લોટ નંબરથી રજુ કરવામાં આવે છે. તેમાં કોઈ એપાર્ટમેન્ટનાં નામો પ્લાન રજુ થતા નથી. તેમજ આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને જ જવાબ કરવાનો રહે છે. તેથી સ્થળ નિરીક્ષણ કરવાનું રહેતુ નથી. વધુમાં લો રાઈઝ બિલ્ડીંગ તેમજ સોસાયટી લે–આઉટનાં સ્થળ પર ચાલતાં બાંધકામો અંગેની મંજુરી તથા જમીનની વિગતો સ્થળ ઉપર રોડ સાઈટે જાહેર જનતાને જાણમાં આવે તેવી રીતે બોર્ડ મુકી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેવુ જણાવેલ.

સદર મિલકતના આકારણી દફતરે ડ્રેનેજ કે પાણી જોડાણ માટે કરવામાં આવેલ અરજી સંદર્ભે તેમાં જણાવેલ નોંધ નં. કે અન્ય વિગતે ઝોન કક્ષાએ આકારણી દફતરે પાણી અને ડ્રેનેજના દફતરેથી અરજદારે જણાવેલ વિગતે મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય કે તેવા દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સીટી સર્વે નંબરો જો હોય તો અરજદારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૭–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી જેમાં મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા જણાવેલ છે. સદર મિલ્કતની માહિતી અંગે વેસ્ટ ઝોનના પાણી કે ગટર જોડાણ અંગે થયેલી અરજી સંદર્ભે ઝોન કક્ષાના પાણી અથવા ગટર કક્ષાના દફતરે તેમજ આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર આધારે તેવી માહિતી આપી શકાય તેમ હોય તો પુનઃ ચકાસી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની રીતે દિન–૧૫ માં માંગેલ પૈકીની માહિતી પુરી પાડવા અન્યથા તેમનો તા.૨૮–૧૨–૧૧ થી આપેલ પ્રત્યુત્તર યથાવત રહેવા પામે છે. તેવી વિગતથી અરજદારને પુનઃ અવગત કરવા ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ પ્રોફેશનલ ક્રાઈમ,